પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૩ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૦, મંગળવાર; પોષ વદ - ૦૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦



# 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' વિશ્વની ૮મી અજાયબી

## ગુજરાત માટે વૈશ્વિક ગૌરવની ક્ષણ : સરદાર પટેલની પ્રતિમાની ઉંચાઇ ૧૮૨ મી.થી પણ વધુ મુઠ્ઠી ઊંચેરી થઇ, શાંઘાઇ સહયોગ સંગઠન દ્વારા સ્ટેચ્યુનો આઠમી અજાયબીમાં કરાયો સમાવેશ, હવે લાખોની સંખ્યામાં પ્રવાસીઓ આવશે ગુજરાત : ટૂરિસ્ટ ઇન્ડસ્ટ્રીઝને મળશે વેગ

ન્યુ દિલ્હી,તા.૧૩

સમગ્ર દેશ અને દુનિયામાં ગરવી ગુજરાતના નામનો ડંકો વાગે તેવી એક મોટી અને ઐતિહાસિક ઘટનામાં તથા પ્રત્યેક ગુજરાત ગર્વ લઈ શકે તેમ સરદાર સાહેબના ગુજરાતમાં કેવડિયા નર્મદા ડેમ નજીક આવેલી વિશ્વની સૌથી મોટી ૧૮૨ મીટર ઉંચી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રતિમાનો દુનિયાની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી છે. જેનો શ્રેય તત્કાલિન ગુજરાતના સીએમ અને વર્તમાન પીએમ નરેન્દ્રભાઈ મોદીના ફાળે જાય છે. આ પ્રતિમા નર્મદા ડેમની ઉંચાઈ ૪૫૫ ફૂટ કરતાં પણ ઉંચી એટલે કે અંદાજે ૫૪૬ ફૂટ કરતાં પણ ઉંચી છે. અને તેને જોવા માટે દેશ વિદેશથી હજ્જારો પ્રવાસીઓ ગુજરાત આવી રહ્યાં છે ત્યારે હવે તેને આઠમી અજાયબીનો દરજ્જો મળતાં લાખોની સંખ્યામાં પ્રવાસીઓ ગુજરાતમાં ઠલવાય તેવી પણ શક્યતા જોવાઈ રહી છે.

### દેશના વિદેશ મંત્રી એસ. જયશંકરે જાહેરાત કરી : અત્યાર સુધી દુનિયાની ૭ અજાયબીમાં ભારતના માત્ર તાજ મહેલનો સમાવેશ થતો હવે સ્ટેચ્યુનો થયો ઉમેરો

વિદેશમંત્રી એસ. જયશંકરે સોમવારે શાંઘાઈ સહયોગ સંગઠનના મહાસચિવ વાલ્દિમીર નેરોવ સાથે મુલાકાત કરી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીને આઠ અજાયબીમાં સામેલ કરાયું છે. ૮ શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે સમાવાતા ટુરિસ્ટ ઈન્ડસ્ટ્રીઝને ફાયદો થશે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે ટ્વીટ કરીને તેની માહિતી આપી છે. શાંઘાઈ કોઓપરેશન સભ્ય દેશોમાં પ્રચાર કરશે. હાલ દુનિયાની ૭ અજાયબીઓમાં ભારતની એકમાત્ર ઈમારત એવા આગ્રા ખાતે આવેલા તાજ મહેલને જ સ્થાન અપાવામાં આવ્યું હતું. હવે સ્ટેચ્યુ ઓફ યૂનિટીને પણ આ દરજ્જો આપવામાં આવ્યો છે.

૧૮૨ મીટરની બનાવવામાં આવેલી પ્રતિમા વિશ્વની સૌથી મોટી પ્રતિમા છે. ટાઈમ મેગેઝિન દ્વારા દર વર્ષ ૧૦૦ જાણીતા સ્થળની યાદી જાહેર કરવામાં આવે છે. આ વર્ષે જાહેર કરવામાં આવેલી યાદીમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીને સ્થાન આપવામાં આવ્યું છે. ટાઈમ મેગેઝિનની યાદીમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીને સ્થાન મળતા હવે વધારે પ્રસિદ્ધિ મળશે. ટાઈમ મેગેઝિન દ્વારા ૨૦૧૯ના વિશ્વના મહાન સ્થળોની યાદી જાહેર કરવામાં આવી છે જેમાં સ્ટેચ્યૂ ઓફ યૂનિટી અને મુંબઈના સોહો હાઉસને સ્થાન મળ્યું છે.

સરદાર પટેલની પ્રતિમાં વિશ્વમાં સૌથી ઊંચી ૧૮૨ મીટરની છે. ન્યૂયોર્કના સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીની ઉંચાઈ પણ માત્ર ૯૩ મીટર જ છે. એટલે કે સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી કરતા પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી બે ગણી મોટી છે. મહત્વનું છે સ્ટેચ્યુ ઓફ

● અનુસંધાન પાન-૭ પર

# હિમવર્ષાથી ઉત્તર ભારત ઠંડુગાર

## હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા જારી : ચારેબાજુ ધુમ્મસની ચાદર : હાલમાં ભારે વરસાદ અને હિમવર્ષા જારી રહે તેવી શક્યતા : લોકોને સાવચેત રહેવા માટે સલાહ અપાઇ

નવીદિલ્હી, તા. ૧૩

ઉત્તર ભારતની સાથે સાથે દેશભરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જોરદાર હિમવર્ષા અને કોલ્ડવેવના કારણે ઉત્તરભારત ઠંડુગાર થઈ ગયું છે. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે ભારે હિમવર્ષા અને વરસાદ હાલમાં જારી રહી શકે છે. જેના કારણે જનજીવન અસ્ત વ્યસ્ત થયેલુ છે. હિમવર્ષા અને કાતિલ ઠંડી વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવાને બંધ કરવાની ફરજ પડી છે. જમ્મુ કાશ્મીરના નિવાસી જિલ્લામાં ભારે હિમવર્ષાના કારણે હાલત કફોડી બની ગઈ છે. માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર અને કેબલ કાર સેવા બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા જારી છે. રાજ્યના કેલાંગ વિસ્તારમાં ૨૦ સેમી બરફ પડતા જનજીવન ખોરવાઈ ગયું છે. ચારેબાજુ બરફના થર જામી ગયા છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તેમજ ઉત્તરપ્રદેશ કાતિલ ઠંડીના સકંજામાં છે અને લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં રવિવારે એટલે આજે સવારે તાપમાનમાં ઘટાડો થયો હતો. લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. જો કે, હવામાન વિભાગે ૧૩મી જાન્યુઆરી બાદ સ્થિતિમાં સુધારો થશે તેવી વાત કરી છે.

# બિહારમાં એનઆરસી લાગુ કરવાનો સવાલ જ નથી : નીતીશ કુમાર

પટના,તા.૧૩

એનડીએના સાથી પક્ષ જનતા દળ યૂનાઈટેડના અધ્યક્ષ અને બિહારના મુખ્યમંત્રીએ એનઆરસીને લઈને વિરોધાભાસી નિવેદન આપ્યું છે. નીતીશ કુમારે બિહાર વિધાનસભા મંડળના બંને સદનોના બોલાવવામાં આવેલા વિશેષ સત્રમાં એનઆરસીને લઈને કહ્યું હતું કે, આ બિલને બિહારમાં લાગુ કરવાને લઈને કોઈ સવાલ જ નથી. સાથે જ નીતીશ કુમારે સીએએને લઈને પણ દાણો દબાવ્યો છે.

નીતીશ કુમારે કહ્યું હતું કે, એનઆરસી આવ્યુ જ ક્યાં છે?

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચાર

## અંક બંધ

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૦ને મંગળવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૨૦ને બુધવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

















